બિડાણ – ૧

# ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર માટેની માર્ગદર્શિકા અને અગત્યની સૂચનાઓ

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭માં GCAS દ્વારા થનાર પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન તમામ સરકારી, અનુદાનિત, સેલ્ફ–ફાઇનાન્સ કૉલેજો તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ/ભવનોમાં તથા પોર્ટલ સાથે સંકળાયેલ ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન અને સંપૂર્ણ ફોર્મ ભરવાની પ્રક્રિયા તા.૦૭.૦૫.૨૦૨૬થી શરૂ થઈ રહી છે. જે માટે ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર સ્થાપિત કરવાના રહેશે. આ માટેની જરુરી માર્ગદર્શક સૂચનાઓ નીચે મુજબ છે.

1. સેન્ટર પર સંસ્થાના વડા/આચાર્યશ્રી/ડીનશ્રીએ સક્ષમ સત્તાધિકારી તરીકે ફરજ બજાવવાની રહેશે.
2. તમામ ફોર્મ ફીલિંગ સેન્ટર પાસે સેન્ટરની કામગીરી સુચારુ રુપે થઈ શકે તે માટે જરુરી પ્રાથમિક સુવિધાઓ તેમજ યોગ્ય ભૌતિક સુવિધાઓ (જેમકે જરૂરી માત્રામાં યોગ્ય કન્ફીગ્રેશન વાળા કમ્પ્યુટર, યોગ્ય સ્પીડ વાળું ઈન્ટરનેટ/વાઈફાઈ જોડાણ, સ્કેનર, પ્રિન્ટર વગેરે) હોવી જોઈએ.
3. GCAS દ્વારા નિયત કરવામાં આવેલ (6 ફૂટ x 3 ફૂટ) માપ વાળું અને ઈકો પ્રિન્ટ, સ્ટાર ક્વોલિટીની ગુણવત્તા મુજબનું બેનર ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર ખાતે અવશ્ય લગાવવાનું રહેશે, જેમાં સેન્ટરનો સમય, સેન્ટરનો હેલ્પલાઇન નંબર, સંસ્થાનું નામ, GCASનો લોગો અવશ્ય દર્શાવવાનો રહેશે. આ બેનર વિદ્યાર્થીઓને દેખાય તે રીતે યોગ્ય જગ્યાએ લગાવવાનું રહેશે.ફોર્મ ફીલિંગ સેન્ટરની કામગીરી સુચારુ રૂપે થાય તે માટે યોગ્ય સ્ટાફની નિયુક્તિ કરવાની રહેશે.
4. સેન્ટરના સક્ષમ સત્તાધિકારીએ ફોર્મ ફીલિંગ માટે પોતાના લોગ–ઈન આઈડીમાંથી જરુર મુજબનાં નવા આઈડી બનાવવાના રહેશે. (ફોર્મ ફીલર અને એડમિશન કન્ફર્મ કરનાર માટે જ)
5. સેન્ટર ખાતે ફોર્મ ફિલીંગની પ્રક્રિયા માટે વિદ્યાર્થી પાસેથી વધારાના કોઈ શુલ્ક લીધા વિના અને સુચારુ રૂપે ચાલે તેની સંપૂર્ણ જવાબદારી દરેક સેન્ટરના સક્ષમ સત્તાધિકારીની રહેશે.
6. GCAS દ્વારા સરકારશ્રીના નિયત દર મુજબ સેન્ટરે ફાઈનલ સબમિટ કરેલા ફોર્મ માટે, GCAS પોર્ટલ પર સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે, ફોર્મ ફીલિંગ માટે ફોર્મ દીઠ રૂ. ૩૦/– (ફોર્મ ફીલિંગમાં મદદ કરનાર કોલેજ/યુનિવર્સિટીના સંબંધિત કર્મચારી/અધ્યાપકને) તથા રૂ. ૧૦/– વહીવટી ખર્ચ (સંબંધિત કોલેજ/યુનિવર્સિટીને) પેટે એમ કુલ રૂ. ૪૦/– માનદેય આપવામાં આવશે. આ રકમની ચુકવણી GCAS દ્વારા સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે કરવામાં આવશે.
7. ફોર્મ ફિલીંગ પ્રક્રિયામાં જો કોઈપણ પ્રકારની ક્ષતિ રહેવા પામશે, સેન્ટર દ્વારા જો કોઈ નાણાંકીય વ્યવહારો કે ગેરરીતિ આચરવામાં આવશે તો સંલગ્ન યુનિવર્સિટીના નિયત નિયમાનુસાર યુનિવર્સિટી દ્વારા પેનલ્ટી લાગુ કરવામાં આવશે.
8. ફોર્મ ભરવામાં ફોર્મ ફિલીંગ સેન્ટર દ્વારા કોઈ ક્ષતિ રહી જવા પામશે તો તે ક્ષતિ સુધારવાની સંપૂર્ણ જવાબદારી જે–તે સેન્ટરની રહેશે. ભૂલ સુધારવા માટે સેન્ટર દ્વારા વિદ્યાર્થી પાસેથી કોઈપણ પ્રકારની વધારાની ફી લેવાની રહેશે નહિ કે GCAS દ્વારા આ ભૂલ સુધારા અંગે કોઈ વધારાની રકમ ચૂકવવામાં આવશે નહિ.
9. સેન્ટર દ્વારા ભરવામાં આવેલ ફોર્મની પ્રિન્ટ આઉટ જો કોઈ વિદ્યાર્થી મેળવવા ઈચ્છતો હોય તો સેન્ટર પર પ્રિન્ટ આઉટની સુવિધા પુરી પાડવાની જવાબદારી સંસ્થાની રહેશે.

10. ક્રી ફોર્મ ફીલિંગ સેન્ટરે વિદ્યાર્થીના અસલ દસ્તાવેજોને આધારે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે તથા વિદ્યાર્થીને તેના દસ્તાવેજો સ્કેન કરીને અપલોડ કરવામાં મુશ્કેલી હોય તો તેને તેના દસ્તાવેજો યોગ્ય રીતે કલર સ્કેન કરીને અપલોડ કરવામાં મદદ કરવાની રહેશે. પરંતુ ફોર્મ ફીલિંગ સેન્ટરે કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીના કોઈપણ અસલ દસ્તાવેજ કે તેની નકલ સેન્ટર ખાતે જમા લેવા નહીં.
11. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ની પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીએ યુનિવર્સિટી–કોલેજ–પ્રોગ્રામ–મુખ્ય વિષયના પ્રેફરન્સ આપીને તેમની પસંદગીને અગ્રતાક્રમમાં ગોઠવવાની હોવાથી વિદ્યાર્થીને પ્રેફરન્સ નક્કી કરવામાં સંબંધિત સેન્ટરે મદદ કરવાની રહેશે તથા વિદ્યાર્થીને તેના પ્રેફરન્સ અંગે પૂરતી સમાજ આપવાની રહેશે.
12. ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર પર વિદ્યાર્થીનું ફોર્મ ભરવા માટે નીચે મુજબના સોપાનો અનુસરવાના રહેશે.
    a. કોલેજના યુઝર આઈડી અને પાસવર્ડથી લોગ–ઈન કરવું.
    b. સ્ક્રીન પર સૌથી ઉપર ડાબી બાજુ જ્યાં GCAS-admin2026-27 દેખાય ત્યાં right click કરી Pin વિકલ્પ પસંદ કરવો.
    c. ત્યારબાદ તે જ બ્રાઉઝરમાં અન્ય ટેબ ખોલી તેમાં વિદ્યાર્થીનું લોગ ઇન કરવું.
    d. વિદ્યાર્થીનું ફોર્મ ભરતા પહેલા student log inની સ્ક્રીનમાં સૌથી નીચે ડાબી બાજુ જ્યાં Copyright©2026-27GCAS. All rights reserved લખેલ છે તેની બાજુમાં Form Filler User Name display થાય છે કે કેમ તે ચકાસી લેવું.
    e. જો આ User Name display થતું હોય તો વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું શરૂ કરવું પરંતુ જો User Name display ન થતું હોય તો ઈન્ટરનેટ કનેક્ટિવિટી ચકાસી સમગ્ર પ્રક્રિયા ફરી કરવી.
13. ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરના જે યુઝર દ્વારા કરવામાં આવી હશે તેની વિગતો સેન્ટરના ડેશબોર્ડ પર તથા સંબંધિત યુઝરના ડેશબોર્ડ પર દર્શાવવામાં આવશે અને તે મુજબ માનદેયની ચૂકવણી કરવામાં આવશે.
14. રજિસ્ટ્રેશન ફી (રૂ. ૩૦૦/– Genral અને SEBC કેટેગરીના વિદ્યાર્થીઓ માટે તેમજ ૧૫૦/– SC, ST અને EWS કેટેગરીના વિદ્યાર્થીઓ માટે) નોન–રિફંડેબલ છે તથા ફક્ત ઓનલાઈન માધ્યમથી વિદ્યાર્થીઓએ ભરવાની છે જેથી વિદ્યાર્થીની રજિસ્ટ્રેશન ફી રોકડમાં લેવી નહીં.
15. સેન્ટર દ્વારા પ્રવેશ ફોર્મમાં ભરાયેલ માહિતીમાં ક્ષતિ રહી જવાના કિસ્સામાં, વિદ્યાર્થીને પ્રવેશ મેળવતા અટકાવવાની સત્તા પ્રવેશ આપનાર સંસ્થાના વડા/આચાર્યશ્રી/સક્ષમ સત્તાધિકારીની રહેશે. પરંતુ ક્ષતિયુક્ત ફોર્મવાળા વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવાના કિસ્સામાં, જે તે સંસ્થાના વડા/આચાર્યશ્રી/સક્ષમ અધિકારી પર સંબંધિત યુનિવર્સિટીના નિયમોનુસારના શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.
16. પ્રવેશ પ્રક્રિયામાં, પ્રવેશ ફોર્મમાં ક્ષતિયુક્ત માહિતી ભરાયાના કિસ્સામાં, કોઈપણ તબક્કે વિદ્યાર્થીનો પ્રવેશ રદ્દ કરવાની અથવા વિદ્યાર્થીને પ્રવેશ મેળવતા અટકાવવાની આખરી સત્તા GCASની રહેશે.
17. સેન્ટરની કામગીરી સંબંધિત સેન્ટર દ્વારા કોલેજ ડેટામાં આપવામાં આવેલ સમય દરમિયાન (ઓછામાં ઓછા પાંચ કલાક) ચાલે તે સુનિશ્ચિત કરવું. GCAS પોર્ટલ પર વિદ્યાર્થીઓની સરળતા તથા માહિતી માટે સંબંધિત કોલેજ/યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ સમય અને હેલ્પલાઈન નંબર દર્શાવવામાં આવશે.